

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!




### ધાર્મિક સ્થળો

રૂમકી ઝૂમકી માતા મંદિર
હનુમાન દાદાનું મંદિર
રામ જાનકી મંદિર
રામદેવ પીર મંદિર
એક મસ્જિદ

### પ્રાકૃતિક સંસાધનો

રૂમકી તળાવ ગામની પ્રાકૃતિક સુંદરતામાં અહીંથી વહેતી આંબાગાવા નદી અને ગામનું ઐતિહાસિક તળાવ ચાર ચાંદ લગાવે છે. આ જળ સંસાધનો ગામ માટે માત્ર જીવાદોરી જ નહીં, પરંતુ પૌરાણિક મહત્ત્વ પણ ધરાવે છે. નદી અને તળાવના કારણે ગામમાં હરિયાળી અને જળસ્તર જળવાઈ રહે છે, જે ખેતી અને પશુપાલન માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. આ જળસ્રોતો ગામની ધાર્મિક આસ્થા અને ભૌગોલિક ઓળખ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે, જે પ્રકૃતિ અને પરંપરાનો અનોખો સંગમ રજૂ કરે છે.

ટાઉન ટોક

## આસ્થાનો પ્રાચીન વારસો અને આધુનિક વિકાસનું ગૌરવવંતુ સંગમ એટલે નિઝરનું

# રૂમકી તળાવ

ગામની કુલ વસતી 3,996 છે, જેમાં 2,030 પુરુષ અને 1,966 સ્ત્રીઓનો સમાવેશ થાય છે, અંદાજે 2,800 મતદાર ધરાવતા આ ગામમાં વસવાટની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો

**તાપી જિલ્લાના નિઝર તાલુકામાં મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલું રૂમકી તળાવ ગામ આજે આસ્થા, ઈતિહાસ અને આધુનિક વિકાસના સંગમ તરીકે ઉભરી આવ્યું છે. સાયલા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવતું આ ગામ ભૌગોલિક રીતે અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે, જે તાલુકા મથકથી 35 કિમી અને જિલ્લા મથક વ્યારાથી 60 કિમીના અંતરે વસેલું છે. આશરે 200 વર્ષ જૂનો ઈતિહાસ ધરાવતા આ ગામના નામ પાછળ એક અત્યંત રસપ્રદ લોકવાયકા જોડાયેલી છે. લોકમુખે ચર્ચાતી વાતો મુજબ, ભૂતકાળમાં ગાજર્યાભાઈ લાલજી મહારાજને રૂમકી ઝૂમકી માતાજીએ સ્વપ્નમાં આવ્યાં હતાં. માતાજીએ તેમને કહ્યું હતું કે, "હું તળાવમાં છું, મને બહાર કાઢો." આ સ્વપ્નને આધારે ગામલોકોએ તળાવમાં શોધખોળ કરી અને નદીમાંથી કુલ 9 માતાજીની મૂર્તિઓ મળી આવી હતી. આ ઘટનાને પગલે ગામનું નામ 'રૂમકી તળાવ' પડ્યું. આજે અહીં ભવ્ય મંદિર આવેલું છે, જે પંથકના શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. મંદિર ટ્રસ્ટમાં મનોજભાઈ પાડવી છેલ્લા 36 વર્ષથી અવિરત સેવા આપી રહ્યા છે. વર્ષ-2025ના આંકડા મુજબ ગામની કુલ વસતી 3,996 છે, જેમાં 2,030 પુરુષો અને 1,966 સ્ત્રીઓનો સમાવેશ થાય છે. અંદાજે 2,800 મતદાર ધરાવતા આ ગામમાં વસવાટની સુવિધાઓમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ગામના કુલ 1,200 ઘરો પૈકી લગભગ 50 ટકા પરિવારોને 'મુખ્યમંત્રી આવાસ યોજના'નો લાભ મળ્યો છે, જે ગામની વિકાસશીલ છબી રજૂ કરે છે. આમ, આધ્યાત્મિક વારસો અને સરકારી યોજનાઓના સફળ અમલીકરણને કારણે રૂમકી તળાવ ગામ આજે જિલ્લામાં એક આદર્શ ગામ તરીકે ઓળખાઈ રહ્યું છે. ગામમાં મુખ્યત્વે 75% આદિવાસી જાતિના લોકો વસે છે. જ્યારે 20% વણઝારા જાતિ અને 5% અન્ય જાતિના લોકો વસે છે. આ ગામની મુખ્ય બોલી આદિવાસી છે. ઉપરાંત હિન્દી, મરાઠી, ગુજરાતી અને મારવાડી ભાષા પણ બોલાય છે.**








## શિક્ષણનું હબ બનતી સરકારી શાળાઓ અને છાત્રાલયો

ગ્રામ્ય સ્તરે શિક્ષણનો વ્યાપ વધારવાના સરકારના પ્રયાસો રૂમકી તળાવ ગામમાં સાર્થક થતા જોવા મળી રહ્યા છે. ગામમાં શિક્ષણની સુદ્રઢ વ્યવસ્થા વચ્ચે પીએમ શ્રી આદર્શ પ્રાથમિક શાળા કાર્યરત છે, જ્યાં ધોરણ-1થી 8માં 450થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. માધ્યમિક શિક્ષણ માટે પણ ગામમાં સરકારી માધ્યમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે, જેમાં ધોરણ 9થી 12માં કુલ 239 વિદ્યાર્થીઓ તેજસ્વી ભવિષ્યના પાઠ ભણી રહ્યા છે. વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સુવિધા માટે ગામમાં અર્ધ સરકારી ALS હોસ્ટેલ આવેલી છે, જેમાં ધોરણ 3થી 8 ના 90 જેટલા બાળકો વસવાટ કરે છે. આ ઉપરાંત, સરકારી કુમાર અને કન્યા છાત્રાલયો પણ શિક્ષણની મશાલ જલાવી રહ્યાં છે. પાયાના શિક્ષણ માટે 3 આંગણવાડી કેન્દ્રો અને વાંચન ભૂખ સંતોષવા સાર્વજનિક લાઈબ્રેરીની સુવિધાથી રૂમકી તળાવ એક આદર્શ શૈક્ષણિક ગામ તરીકે ઉભરી આવ્યું છે.

## માર્ગ સુવિધાનું સુદ્રઢ માળખું: હાઈવે અને પાકા રસ્તાઓથી કનેક્ટિવિટી વધી

સાયલા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવતા રૂમકી તળાવ ગામમાં પરિવહન અને રસ્તાઓની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ છે, જે ગ્રામીણ વિકાસની સાક્ષી પૂરે છે. ગામના મુખ્ય માર્ગો 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના' હેઠળ તૈયાર કરવામાં આવ્યા છે, જેના કારણે અંતરિયાળ વિસ્તારો સાથેનું જોડાણ સરળ બન્યું છે. આ ઉપરાંત, ગામની અંદરના ભાગોમાં પણ મજબૂત RCC રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે ચોમાસા દરમિયાન પણ અવરજવર માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. ગામની ભૌગોલિક સ્થિતિ પણ વ્યૂહાત્મક છે, કારણ કે ગામની તદ્દન નજીકથી જ ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે (SH-80) પસાર થાય છે. આ હાઈવેને કારણે મોટાં શહેરો સાથેનો સંપર્ક ઝડપી બન્યો છે. વધુમાં, ગામમાં સુવ્યવસ્થિત બસ સ્ટેન્ડ અને નિયમિત એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને અવરજવરમાં મોટી રાહત મળી રહી છે. સુદ્રઢ રસ્તાઓને કારણે ગામના આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ મળી છે.

### ગામવિષયક માહિતી

-કુલ વસતી 3996
પુરૂષઃ 2030
સ્ત્રીઃ 1966
-ગામનાં 4 ફળિયાં
નિશાળ ફળિયું
ડુંગરી ફળિયું
રૂમકી ઝૂમકી માતા મંદિર ફળિયું
રામ જાનકી મંદિર ફળિયું

### ગ્રામ પંચાયતની બોડી



સરપંચ - દાસુભાઈ બાપુભાઈ વસાવા
ડેપ્યુટી સરપંચ-
મુકેશભાઈ દિવાનજી વસાવા
સભ્યો- બબિતાબેન ભુપેન્દ્રભાઈ વળવી
વિજયકુમાર જર્મનસિંગ નાઇક
કાંતિલાલભાઈ અશોકભાઈ બિરારે
મનોજભાઈ ગણપતભાઈ નાઇક
મધુકરભાઈ સુધાકરભાઈ વળવી
કલાવતીબેન છગનભાઈ વળવી
આશિષભાઈ મધુકરભાઈ વળવી
વનિતાબેન જ્યોતિષભાઈ વળવી
વૈજંતીબેન સંજયભાઈ વળવી
રજનીબેન સુભાષભાઈ પ્રધાન
રાધેશ્યામભાઈ વિજેસિંગભાઈ વણજારા
મનીષાબેન લક્ષ્મણભાઈ પાડવી
રંજનાબેન અર્જુનભાઈ વણજારા
ગાયત્રીબેન પરશુરામભાઈ નાઇક
મીનાક્ષીબેન નિતેશભાઈ પ્રધાન
અનિલ એમ. વસાવા
મહેશ આર. વસાવા
તલાટી - કમલેશભાઈ વળવી

## પરંપરાગત ખેતી અને સિંચાઈના સથવારે ગ્રામીણ સમૃદ્ધિનો ઉદય



ગ્રામીણ અર્થતંત્રના પાયામાં ખેતી રહેલી છે, ત્યારે રૂમકી તળાવ ગામના લોકોએ ખેતીને જ પોતાનું મુખ્ય જીવનસાધન બનાવ્યું છે. અહીંની હરિયાળી પાછળ ખેડૂતોનો પરિશ્રમ અને સિંચાઈના વિવિધ સ્ત્રોતોનું સુવ્યવસ્થિત સંચાલન જવાબદાર છે. ગામમાં ખેતીનો મુખ્ય આધાર વર્ષાઋતુ પર રહેલો છે, જેને સ્થાનિકો 'આકાશી ખેતી' તરીકે ઓળખે છે. જો કે, માત્ર વરસાદ પર નિર્ભર રહેવાને બદલે અહીંના ખેડૂતોએ સિંચાઈના અન્ય વિકલ્પો પણ વિકસાવ્યા છે. નદીના વહેતા પાણીનો ઉપયોગ કરવાની સાથે ગ્રામજનોએ વ્યક્તિગત અને સામૂહિક સ્તરે બોરવેલની સુવિધા ઊભી કરી છે. આ જળસ્ત્રોતોને કારણે જ આજે અહીંનાં ખેતરો બારેમાસ લહેરાતા જોવા મળે છે, અને ખેડૂતો પ્રતિકૂળ સંજોગોમાં પણ પાક બચાવી લેવા સક્ષમ બન્યા છે. પાકની વિવિધતાની વાત કરીએ તો, રૂમકી તળાવમાં રોકડિયા પાકથી લઈને ધાન્ય પાકોનું મબલખ ઉત્પાદન થાય છે. સફેદ સોનું ગણાતા કપાસ અને મીઠાશથી ભરપૂર શેરડીનું વાવેતર મોટા પાયે થાય છે. આ ઉપરાંત, આહારમાં પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત ગણાતી તુવેર અને ચણા જેવા કઠોળના પાક પણ લેવામાં આવે છે. પશુપાલન અને ખોરાક માટે ઉપયોગી એવા મકાઈ, જુવાર અને બાજરી જેવા ધાન્ય પાકો તેમજ તાજા શાકભાજીની ખેતી અહીંના કૃષિ માળખાને મજબૂતી આપે છે. આમ, જળ અને જમીનનો યોગ્ય સમન્વય સાધીને રૂમકી તળાવના ખેડૂતો કૃષિ ક્ષેત્રે નવી મિશાલ કાયમ કરી રહ્યા છે.

### રહેણીકરણી અને સંસ્કૃતિ



રૂમકી તળાવ ગામ આજે પણ પોતાની પરંપરાગત જીવનશૈલીને વરેલું છે. અહીંના પુરુષો આદિવાસી ધોતી અને આધુનિક વસ્ત્રોના સમન્વયમાં જોવા મળે છે, જ્યારે મહિલાઓ પરંપરાગત 'લૂગડું', સાડી અને પંથકના વિશેષ આભૂષણો ધારણ કરી સંસ્કૃતિની ઓળખ જાળવી રહી છે. તહેવારો અને ધાર્મિક મેળાઓમાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાઈને પૌરાણિક લોકનૃત્યોના તાલે ઝૂમે છે. વારસાના જતન સાથે વિકાસ તરફ ડગ માંડતા આ ગામના લોકો સામાજિક એકતા અને સાંસ્કૃતિક ગરિમાના દર્શન કરાવે છે.